## PRESS COVERAGE:

**PUBLICATION NAME:** JAMNAGAR UDAY (GUJARATI DAILY)
**CITY:** JAMNAGAR
**DATE:** 17-06-2018
**PAGE NO.** 02
**TOTAL SQ. CM.** 378
**TITLE:** *Nayara Energy Limited distributes school and hygienic kits in 226 school*

---

# નયારા એનર્જી લિમિટેડ દ્વારા ૨૨૬ સ્કૂલમાં દફતરની સાથે સ્વચ્છતાકીટનું વિતરણ

### ખંભાળિયા તાલુકાની ૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓના ૩,૦૦૦ વિદ્યાર્થીઓ બન્યાં લાભાન્વિત



નયારાએનર્જી લિમિટેડ દ્વારા૨૨૬શાળાઓમાં દફતરની સાથે સ્વચ્છતાકીટનું વિતરણકરવામાં આવતા બાળકો ખુશખુશાલ બનીગયાહતા.

જામનગર,નયારા એનર્જી લિમિટેડએ રાજય સરકાર દ્વારા ઉજવાતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહભાગીબની ખંભાળિયા તાલુકાની૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાઓ મળી કુલ ૨૨૬શાળાઓના ૩,૦૦૦ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ કીટની સાથે સ્વચ્છતાઅંગે જાગૃતિ લાવવામાટે "સ્વચ્છતાકીટ"નું વિતરણકરી એક નવીપહેલ કરીહતી.

સામાજિક ઉત્તરદાયિત્વના નાતે રિફાઈનરી નજીકના ગામોમાં નયારા એનર્જી લિમિટેડ વિવિધ સેવાકીયપ્રવૃત્તિઓ કરી રહી છે.દરમિયાનરાજય સરકારનાશાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં નયારા એનર્જી લિમિટેડએ દર વર્ષની માફક સહભાગીદાર બની ત્રણ હજારથીવધુ વિદ્યાર્થીઓને ખુશખુશાલ કરી દીધા છે. ખંભાળિયા તાલુકાની૨૧૨ અને લાલપુર તાલુકાની ૧૪ શાળાોમાં કંપનીના અધિકારીઓ તથા પર્યાવરણ શિક્ષણ કેન્દ્રના કર્મીઓએ રૂબરૂ જઈ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ અને હાઈજીનકીટનું વિતરણ કર્યું હતું. સ્કૂલ બેગ કીટમાં સ્લેટ, સ્લેટ પેન, બુક, વેકસ ક્રેયન્સ, ક્રેયન્સ કલર બુક,પાણીનીબોટલ વગેરે વસ્તુઓવિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ વેળાએ મામલતદારશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, સરપંચશ્રી તેમજ અન્ય અધિકારીગણ ઉપસ્થિત રહયાં હતાં.

નયારા એનર્જીલિમિટેડએ સ્કૂલ બેગ કીટની સાથેવિદ્યાર્થીઓને હાઈજીનકીટનું વિતરણ કરી એક નવીપહેલ કરી છે. આ સ્વચ્છતા કીટમાંનેઈલ કટર, કાંસકો, ટુથબ્રસ, ટુથપેસ્ટ, ઊલિયું, હાથ રૂમાલ વગેરે વસ્તુઓ વિદ્યાર્થીઓને આપવામાં આવીહતી. કંપનીના સ્ટાફ દ્વારા બાળકોમાં સ્વચ્છતા અંગે સમજ નાનપણથી જ કેળવાય એ માટે સ્વચ્છતાકીટમાં રહેલી વસ્તુઓનો ઉપયોગ રોજેરોજ કઈ રીતે કરવો અને તેનાથી તંદુરસ્તી કઈ રીતે સચવાયેલી રહેશે તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્કૂલ બેગ અને હાઈજીન બેગ મળતા બાળકોના ચહેરાઓ ખીલી ગયા હતા. કંપનીની આપહેલને શાળાઓના આચાર્ય તથા શિક્ષકોએ આવકારી હતી. નયારા એનર્જી લિમિટેડ રિફાઈનરીનજીકનાગામોમાં "ગ્રામશિક્ષા" કાર્યક્રમ હેઠળ બાળકો શાળાઓમાં નિયમિત હાજર રહે, કન્યા કેળવણીમાં વધારો થાય,વિદ્યાર્થીઓમાં ઉચ્ચ અભ્યાસનું પ્રમાણવધે, નાના બાળકોમાં ડ્રોપઆઉટનું પ્રમાણ ઘટે અને પ્રૌઢ શિક્ષિત થાય એ માટે કાર્ય કરવામાં આવી રહયું છે, જેને લોકો દ્વારા આવકારમાં આવી રહયું છે.